શ્રી એમ.એમ.શેખ, માન.રાજયપાલશ્રીના અખબારી સચિવને રાજભવન, ગાંધીનગરમાં વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંકની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
હુકમ ક્રમાંક:રજભ-૧૦૨૦૧૦-૬૪૬૮૧૩-આર,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૮/૦૮/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગ/આર નો તા.૨૦/૮/૨૦૧૦, તા.૩/૮/૨૦૧૧, તા.૧૨/૭/૨૦૧૨, તા.૧૩/૮/૨૦૧૩, તા.૮/૯/૨૦૧૪, તા.૨૩/૭/૨૦૧૫, તા.૭/૯/૨૦૧૬ અને તા.૨૪/૦૮/૨૦૧૭ નો સમાનાંકી હુકમ.

(૨) રાજભવન સચિવાલય, ગાંધીનગરનો તા.૨૬/૦૬/૨૦૧૮ નો પત્ર ક્રમાંક:જી.એસ.૧૨/૫૬/૨૦૧૮.

હુકમ

આમુખમાં વંચાણે લીધા ક્રમ (૧) પર જણાવેલ આ વિભાગના તારીખ.૨૦/૮/૨૦૧૦ના હુકમથી શ્રી એમ.એમ.શેખ, રાજયપાલશ્રીના અખબારી સચિવને નિવૃત્તિ બાદ તેઓ હાજર થાય તે તારીખથી ૧ વર્ષ માટે રાજયપાલશ્રીના અખબારી સચિવ તરીકે કરાર આધારિત નિમણુંક આપવામાં આવેલ હતી. ત્યારબાદ છેલ્લે આમુખમાં ક્રમાંક.(૧) ના તા.૨૪/૦૮/૨૦૧૭ ના હુકમથી શ્રી શેખની કરાર આધારિત નિમણૂંકની મુદત તા.૦૧/૦૯/૨૦૧૭ થી વધુ એક લંબાવવામાં આવેલ છે. જેની મુદત તા.૩૧/૦૮/૨૦૧૮ ના રોજ પુરી થનાર છે.

૨. આમુખમાં વંચાણે લીધા ક્રમ (૨) સામે જણાવેલ રાજભવન સચિવાલય, ગાંધીનગરના તા.૨૬/૦૬/૨૦૧૮ ના પત્ર અન્વયે, શ્રી એમ.એમ.શેખને તા.૦૧/૦૯/૨૦૧૮ થી માન.રાજ્યપાલશ્રીના કાર્યકાળ સુધી (તા.૧૫/૦૭/૨૦૧૯ સુધી) કરારના ધોરણે પે-માઇનસ-પેન્શનના માપદંડ મુજબ ચાલુ રાખવા માટે આ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે.

૩. રાજભવન સચિવાલય, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની અને પુખ્ત વિચારણા બાદ, રાજયપાલશ્રીના સચિવશ્રીની કચેરી, ગાંધીનગરના અખબારી સચિવ, શ્રી એમ.એમ.શેખને તા.૦૧/૦૯/૨૦૧૮થી માન.રાજ્યપાલશ્રીના કાર્યકાળ સુધી (તા.૧૫/૦૭/૨૦૧૯ સુધી) ખાસ કિસ્સામાં કરાર આધારિત પે-માઇનસ-પેન્શનના માપદંડ મુજબ નિમણુંક લંબાવવાની દરખાસ્તને મંજૂરી આપવામાં

Scanned by CamScanner

આવે છે. શ્રી શેખને કરાર આધારિત નિમણુંકની શરતો અને બોલીઓ, સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક.આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨ તા.૭/૭/૨૦૧૬ અનુસારની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૯/૦૭/૧૮ ના રોજ તથા સરકારશ્રીની અનુમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.કે.જોષી)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

૦૮
18/8/18

નકલ રવાના:

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ/ખ.૩ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી એમ.એમ.શેખ, રાજયપાલશ્રીના અખબારી સચિવ, રાજભવન,ગાંધીનગર, (રાજયપાલશ્રીના સચિવશ્રીની કચેરી, ગાંધીનગર મારફત)
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઇલ.

ISSUED
Dt. 20/8/18
Sign.

Scanned by CamScanner